Registration No : REFER-T-LC/33/2016
Filing No. : REFER-T-LC/32/2016
Filed On : 10/02/2016
Registered On : 10/02/2016
Decided on : 15/03/2021
Duration : dd-05/mm-01/yy-05

IN THE LABOUR COURT AT ANAND

Reference T NO. 33 OF 2016.

REFER-T-LC/33/2016 **Exh.32**

Second Party:

1. **KANAKBEN ASHOKBHAI TRIVEDI**
   C/O.AUDHYOGIK MAJOOR MAHAJAN SANGH,
   Opp.AMUL DAIRY, ANAND

VERSUS

First Party:

1. **DIRECTOR/MANAGER SHRI, ARCADIA AGRO PLAN TISSUE CULTURE**
   23, 2nd FLOOR, MARUTI COMPLEX, CHHANI ROAD, VADODARA
2. **DIRECTOR/MANAGER SHRI, ARCADIA AGRO PLAN TISSUE CULTURE**
   B/H.M.G.V.C.L. SUB STATION, MOGAR-VADOD ROAD, MOGAR

Appearance:
V.M.KACHHIYA Union Representative For the Second Party
A.K.CHAVDA Advocate For the First Party No.1 & 2

વિષયઃ ઔદ્યોગિક તકરાર અધિનિયમ ૧૯૪૭ની કલમ-૧૦(૧)સી અન્વયે ન્યાયિક નિર્ણય લેવા બાબત.

-: એ વો ર્ડ :-

(૧) બીજા પક્ષકારે પ્રથમ પક્ષકાર વિરૂધ્ધ ઔદ્યોગિક તકરાર ઉપસ્થિત કરતાં તેમાં સમાધાન નિષ્ફળ જતાં મદદનીશ શ્રમ આયુકત, આણંદનાએ તેઓના હુકમ ક્રમાંક : નં. કે.એચ.આર./ ૨૦૦૧/આઈ.ડી.આર./૧૦(૧) ૯૧/૨૦૧૫ તા. ૦૬/૦૧/૨૦૧૬માં જણાવ્યા મુજબની અનુસુચિ પ્રમાણે ઔદ્યોગિક તકરાર અધિનિયમ ૧૯૪૭ની કલમ-૧૦(૧)(સી) મુજબ અત્રેની અદાલતને રેફરન્સ કરેલ છે.

અનુસુચિ :- કનકબેન અશોકભાઈ ત્રિવેદીને પડેલા દિવસોના પગાર સહીત મુળ જગ્યાએ સળંગ નોકરીથી નોકરીના સાતત્ય સહીત પુનઃસ્થાપિત કરવા અંગે કરવા કે કેમ?

(૨) બીજા પક્ષકાર તરફે આંક : ૪થી માંગણા નિવેદન રજુ કરી જણાવેલ છે કે, પ્રથમ પક્ષકાર નં. ૧

એ મુખ્ય ઓફીસ છે અને નં. ર એ સંસ્થાનો પ્લાન્ટ તથા લેબોરેટરી છે જે બન્ને આર્કેડીયા એગ્રો પ્લાન ટીસ્યુ કલ્ચરના નામે ઓળખવામાં આવે છે અને મુખ્યત્વે કેળના છોડ, જુદા-જુદા કુલોના છોડ તેમજ અન્ય વિવિધ છોડવાનું ટીસ્યુ કલ્ચર ટેકનોલોજી દ્વારા સારો પાક આપવામાં લેબોરેટરીમાં જુદા-જુદા કેમીકલ દ્વારા ઉત્પાદન કરી દેશ વિદેશોમાં વેચાણ તથા નિકાસ કરવાનું કામ કરે છે અને તે માટે જુદા-જુદા હોદ્ધા ઉપર ઓફીસરો, સ્ટાફ તથા શ્રમયોગીઓને કામ ઉપર રાખવામાં આવે છે અને જુદા-જુદા છોડવાઓનું ઉત્પાદન કરી દેશ વિદેશમાં માર્કેટીંગ કરી ખેડુતો તથા સંસ્થાઓને વેચાણ કરવામાં આવે છે અને સારુ એવું ટર્નઓવર કરવામાં આવે છે અને તે માટે સ્ટાફ તથા માર્કેટીંગ કર્મચારીઓને ખુબ જ મોટા પ્રમાણમાં પગાર ધોરણ પણ આપવામાં આવે છે. આમ પ્રથમ પક્ષકાર ખુબ જ સારો નફો મેળવે છે. આમ પ્રથમ પક્ષકાર સંસ્થા દ્વારા જુદા-જુદા છોડનું ટીસ્યુ કલ્ચર ટેકનોલોજી દ્વારા ઉત્પાદન પ્રક્રિયા કરવા માટે પ્રથમ પક્ષકાર નં. ૧ દ્વારા શ્રમયોગીઓને કામે રાખવામાં આવતા અને પ્રથમ પક્ષકાર નં. ર ઉપર આવેલ પ્લાન્ટ તથા લેબોરેટરીમાં ફરજ ઉપર રાખવામાં આવતા જે મુજબ બીજા પક્ષકાર પ્રથમ પક્ષકાર સંસ્થામાં તા. ૧૯/૦૩/ર૦૦૩ના રોજથી લેબોરેટરીમાં સુપરવાઈઝરના હોદ્ધા ઉપર અન્ય એલાઉન્સ તથા છેલ્લે માસિક રૂા. ૭૩૫૫/-ના પગારથી ખંત તેમજ વફાદારીપુર્વક પ્રમાણિકતાથી તેઓની ફરજ બજાવતા આવેલ છે અને દર વર્ષે ર૪૦ દિવસ કરતાં પણ વધારે સમય ફરજ બજાવેલ છે અને સંસ્થાને જરૂર જણાય તો ઓવરટાઈમ કરીને પણ પોતાની ફરજ બજાવતા આવેલ છે. આમ પ્રથમ પક્ષકાર અને બીજા પક્ષકાર વચ્ચે નોકર-માલિકનો સબંધ સ્થાપિત થયેલ હતો. વધુમાં બીજા પક્ષકારને સરકારશ્રીના લઘુત્તમ વેતનધારા મુજબનો મીનીમમ પગાર તેમજ અન્ય મજુર કાયદાઓનો લાભ પણ આપવામાં આવતો ન હતો જેથી ના છુટકે બીજા પક્ષકાર તથા અન્ય શ્રમયોગીઓ યુનિયનમાં જોડાયેલ અને યુનિયન મારફતે સરકારશ્રીના લઘુત્તમ વેતનધારા મુજબનો મીનીમમ પગાર (બેઝીક તથા સ્પે. એલાઉન્સ)ના પગારની માંગણી કરતાં તેનો અમલ ન કરતાં સરકારી શ્રમ અધિકારી, આણંદ સમક્ષ લ.વે.ધારા ર/ર૦૧૫થી ફરીયાદ કરેલ તેમજ પગાર વધારો તથા અન્ય માંગણીઓ બાબતે ડીમાન્ડ કેસ કરેલ જે કન્સીલીએશન કેસ નં. ૧/ર૦૧૫થી કરેલ જેમાં પ્રથમ પક્ષકારે કોઈ સમાધાન કરેલ નહીં તેમજ સરકારશ્રીના લઘુત્તમ વેતન કરતાં ઓછા પગાર આપતા હોય બીજા પક્ષકારે યુનિયન

દ્વારા લ.વે.ધારા મુજબના પગાર તફાવતની રકમ મેળવવા અંગે અત્રેની અદાલતમાં રીકવરી નં. ૬૭/૨૦૧૫થી દાખલ કરેલ જે ન્યાય નિર્ણય માટે પેન્ડીંગ છે. આમ બીજા પક્ષકાર તથા અન્ય શ્રમયોગીઓ દ્વારા યુનિયન મારફતે મજુર કાયદાઓ અન્વયે મળવાપાત્ર લાભો મેળવવા કાયદેસરની કાર્યાવાહી હાથ ધરતાં બીજા પક્ષકાર ઉપર અંગત દ્વેષભાવ રાખવાનું શરૂ કરેલ અને બીજા પક્ષકારને કોઈપણ પ્રકારની નોટીસ કે બચાવની તક આપ્યા સિવાય કે ખાતાકીય તપાસ હાથ ધર્યા સિવાય અનફેર લેબર પ્રેક્ટીસ આચરી બેકાર બનાવવાના બદઈરાદાથી એકાએક તા. ૩૧/૦૮/૨૦૧૫ના રોજ લેખિત નોટીસ આપી તમારી સેવાઓ ફાજલ પડેલ છે જેથી નોકરીમાંથી છુટા કરવામાં આવે છે તેમ જણાવી નોટીસ પગાર તથા છટણી વળતર ચેક દ્વારા આપેલ જે બીજા પક્ષકારે વાંધા સાથે સ્વીકારેલ પરંતુ અન્ય મળવાપાત્ર કાયદેસરના કોઈ લાભો આપવામાં આવેલ નહીં તેમજ ફાજલ કરતા અગાઉ સીનીયોરીટી લીસ્ટને ધ્યાનમાં લીધેલ નથી. વધુમાં શ્રમ આયુક્ત કચેરી સમક્ષ લ.વે.ધારા નં. ૨/૨૦૧૫, ડીમાન્ડ નં. ૧/૨૦૧૫ તથા અત્રેની અદાલતમાં રીકવરી અરજી નં. ૬૭/૨૦૧૫ ન્યાય નિર્ણય માટે પેન્ડીંગ હોવા છતાં પૂર્વ પરવાનગી લીધા વગર બીજા પક્ષકાર તથા અન્ય શ્રમયોગીઓ યુનિયનમાં જોડાતાં અને મળવાપાત્ર લાભો મેળવવા કાર્યવાહી હાથ ધરતાં બીજા પક્ષકાર ઉપર દ્વેષભાવ રાખી તદ્દન ગેરવ્યાજબી, ગેરકાયદેસર અને કુદરતી ન્યાયના સિધ્ધાંત વિરૂધ્ધનું પગલું ભરી એકાએક તા. ૦૧/૦૯/૨૦૧૫ના રોજથી ફાજલનું ખોટું બહાનું કાઢી નોકરીમાંથી છુટા કરી બેકાર બનાવેલ છે અને બીજા પક્ષકારને નોકરીમાંથી છુટા કર્યા બાદ પ્રથમ પક્ષકાર દ્વારા બીજા અન્ય શ્રમયોગીઓને કામે રાખવામાં આવેલ છે. વધુમાં બીજા પક્ષકારને તદ્દન ગેરવ્યાજબી રીતે નોકરીમાંથી છુટા કરી બેકાર બનાવતાં નોકરીમાં પુનઃસ્થાપિત થવા રૂબરૂમાં રજુઆત કરેલ છતાં કામે નહીં રાખતાં યુનિયન મારફતે નોકરીમાં પુનઃસ્થાપિત થવા કાયદેસરની કાર્યવાહી હાથ ધરેલ જેમાં પ્રથમ પક્ષકાર દ્વારા સમાધાન નહીં કરતાં ન્યાય નિર્ણય માટે રેફરન્સ કરેલ છે. વધુમાં બીજા પક્ષકારને એકાએક નોકરીમાંથી છુટા કરી બેકાર બનાવતાં આવકનું એકમાત્ર સાધન છીનવાઈ ગયેલ છે અને હાલમાં બેકાર છે. અન્ય નોકરી મેળવવા માટે પ્રયત્નો હાથ ધરેલ હોવા છતાં નોકરી મળેલ ન હોય પેરા-૬માં જણાવ્યા પ્રમાણે દાદ માંગેલ છે.

(૩) અત્રેની અદાલતને રેફરન્સ કેસ ન્યાય નિર્ણય અર્થે સુપ્રત થયા બાદ પ્રથમ પક્ષકારને નોટીસ

ઈસ્યુ કરતાં તે બજી જતાં પ્રથમ પક્ષકાર નં. ૧, ૨ તરફે આંક : ૭થી લેખિત જવાબ રજુ કરી બીજા પક્ષકારના માંગણા નિવેદનની હકીકતોનો ઈન્કાર કરી એવી હકીકત જણાવેલ છે કે, પ્રથમ પક્ષકાર નં. ૧ સરનામે ઓફીસ ધરાવે છે અને નં. ૨ સરનામે સંસ્થા ધરાવે છે જ્યાં આ કામના બીજા પક્ષકાર તેમની કામગીરી કરતા હતા તેમજ બીજા પક્ષકારને નોકરીમાં દાખલ થયા ત્યારથી કાયદેસરના મળવાપાત્ર તમામ હક્કો અને લાભો આપવામાં આવે છે. વધુમાં સંસ્થામાં ટીસ્યુ કલ્ચર પધ્ધતિથી હોરટીકલ્ચર અને એગ્રીકલ્ચર કામગીરી કરવામાં આવે છે અને સંસ્થા ઔધ્યોગિક એકમ નથી પરંતુ એગ્રીકલ્ચર યુનિટ છે. આ પ્રકારની કામગીરી કરતી સંસ્થાઓનો સમાવેશ એગ્રીકલ્ચર અને હોરટીકલ્ચર સંસ્થાઓમાં થાય છે જે બાબતનું પ્રમાણપત્ર ડાયરેક્ટરશ્રી, હોરટીકલ્ચર, ગાંધીનગર દ્વારા આપવામાં આવેલ છે. આમ સંસ્થાનો સમાવેશ એગ્રીકલ્ચર ઈન્ડસ્ટ્રીઝમાં થતો હોવાથી નામ. ગુજરાત સરકારશ્રી દ્વારા ખેતીવાડીના કામદારો માટેના જે લઘુત્તમ વેતનો નક્કી કરવામાં આવેલ છે તે મુજબના લઘુત્તમ વેતનો આ કામના બીજા પક્ષકારને શરૂઆતથી ચુકવવામાં આવે છે. બીજા પક્ષકાર અને અન્ય કામદારોએ સરકારી શ્રમ અધિકારી, આણંદ સમક્ષ આ સંબંધે કાર્યવાહી કરેલ હતી જેમાં પણ સંસ્થાએ હાજર થઈ પોતાનો લેખિત જવાબ તથા દસ્તાવેજો રજુ કરેલ હતા અને તમામ સ્પષ્ટતા કરેલ હતી. આમ બીજા પક્ષકારે આ રેફરન્સ ઔધ્યોગિક વિવાદધારા હેઠળ કરેલ છે પરંતુ સંસ્થા ખેત વ્યવસાયમાં રોકાયેલ સંસ્થા છે આથી સંસ્થાનો ઔધ્યોગિક વિવાદધારાની કલમ-૨(જે) મુજબ ઉધ્યોગની વ્યાખ્યામાં સમાવેશ થતો ન હોવાથી બીજા પક્ષકારનો રેફરન્સ રદ થવાને પાત્ર છે. વધુમાં સંસ્થામાં કામના અભાવે કામદારોને કામ આપી શકવાની પરિસ્થિતિ ન રહેતાં બીજા પક્ષકાર અને અન્ય કામદારોને તા. ૩૧/૧૦/૨૦૧૫ના રોજના હુકમથી નોકરીમાંથી છુટા કરવામાં આવેલ છે અને જે તે વખતે બીજા પક્ષકારને મળવાપાત્ર તમામ હક્કો અને લાભો આપવામાં આવેલ છે જે બીજા પક્ષકારે સ્વીકારેલ પણ છે. વધુમાં સંસ્થાની ઉત્પાદન પ્રક્રિયા બંધ થઈ ગયેલ છે અને સંસ્થામાં કોઈ કામદારો ફરજો બજાવતા નથી. આથી કાયદાના પ્રસ્થાપિત થયેલ સિધ્ધાંતો અનુસાર બંધ થયેલ સંસ્થામાં નોકરીમાં પુનઃસ્થાપિત કરવાનો કોઈ પ્રશ્ન ઉપસ્થિત થતો ન હોય રેફરન્સ રદ થવાને પાત્ર છે તેમજ સમગ્ર હકીકતો અને કાયદાની જોગવાઈઓ જોતાં બીજા પક્ષકારનો આ રેફરન્સ કાયદેસર રીતે ટકી શકે તેમ ન હોય રદ થવાને પાત્ર હોય રદ કરવા

જણાવેલ છે.

(૪) બીજા પક્ષકાર તરફે હાલના રેફરન્સની હકીકતો પુરવાર કરવા માટે નીચે મુજબના પુરાવા રજુ કરેલ છે.

<u>મૌખિક પુરાવો</u> :-

આંક : ૧૨થી બીજા પક્ષકાર કનકબેન અશોકભાઈ ત્રિવેદીનું જુબાનીનું સોગંદનામુ રજુ થયેલ છે તથા તે ઉપર પ્રથમ પક્ષકાર તરફેના વિ. વકીલશ્રી દ્વારા કરવામાં આવેલ ઉલટ તપાસ.

<u>દસ્તાવેજી પુરાવો</u> :-

(૧) નિ. ૫/૧થી પ્રથમ પક્ષકાર દ્વારા બીજા પક્ષકારને આપવામાં આવેલ છટણીની નોટીસની નકલ તા. ૩૧/૦૮/૨૦૧૫.

(૨) નિ. ૫/૨થી બીજા પક્ષકારને આપવામાં આવેલ હીસાબના પત્રની નકલ.

(૩) નિ. ૨૪/૧થી પ્રથમ પક્ષકાર સંસ્થા દ્વારા રેફરન્સ નં. ૧૧/૨૦૧૬માં રજુ કરેલ સમાધાનની નકલ તા. ૨૫/૧૦/૨૦૧૬.

(૫) પ્રથમ પક્ષકાર તરફે

<u>મૌખિક પુરાવો</u> :-

(૧) આંક : ૨૦થી ચંદ્રેશ વીપીનભાઈ પટેલનું જુબાનીનું સોગંદનામુ રજુ કરેલ છે તથા તે ઉપર બીજા પક્ષકારના વિ. પ્રતિનિધીશ્રી દ્વારા કરવામાં આવેલ ઉલટ તપાસ.

<u>દસ્તાવેજી પુરાવો</u> :-

(૧) આંક : ૨૩થી તા. ૩૧/૦૮/૨૦૧૫થી નોકરીમાંથી છુટા કર્યાનો લેખિત હુકમની નકલ.

(૨) આંક : ૨૧થી કંપનીમાંથી નીકળતા ફુલ એન્ડ ફાઈનલ સેટલમેન્ટના સ્ટેટમેન્ટની નકલ.

(૩) આંક : ૨૨થી ફુલ એન્ડ ફાઈનલ સેટલમેન્ટના સ્ટેટમેન્ટ મુજબ કામદારને ચુકવેલ રકમના ચેકની નકલ.

બન્ને પક્ષકારો તરફે ઉપરોક્ત પુરાવા સિવાય અન્ય કોઈ દસ્તાવેજી પુરાવા રજુ કરવામાં આવેલ નથી. બીજા પક્ષકાર તરફે આંક : ૧૩થી ક્લોઝીંગ પુરસીસ રજુ કરી પુરાવો પુરો

થયેલાનું જાહેર કરેલ છે. જ્યારે પ્રથમ પક્ષકાર તરફે આંક : ૨૫થી વધુ કોઈ મૌખિક પુરાવો લેવા માંગતા નથી તેવી પુરસીસ રજુ કરી પુરાવો બંધ થયેલાનું જાહેર કરેલ છે.

(૬) બન્ને પક્ષકારો પૈકી બીજા પક્ષકાર તરફે તેમના વિ. પ્રતિનિધીશ્રીની મૌખિક દલીલો સાંભળવામાં આવેલ છે. જ્યારે પ્રથમ પક્ષકાર નં. ૧,૨ તરફે આંક : ૨૬થી લેખિત દલીલો રજુ કરેલ છે.

(૭) રેકર્ડ ઉપરની હકીકતો તથા પુરાવાઓ જોતાં હાલના રેફરન્સના ન્યાયિક નિર્ણય અર્થે નીચે પ્રમાણેના મુદ્દા ઉપસ્થિત થાય છે.

(૧) શું બીજા પક્ષકાર પુરવાર કરે છે કે, તેઓ તેમના પડેલા દિવસોના પગાર સહીત નોકરીની સળંગતા સહીત તેમની મૂળ જગ્યાએ નોકરીમાં પુનઃસ્થાપિત થવા હકકદાર છે?

(૨) શું હુકમ?

(૮) ઉપરોકત મુદ્દાના મારા નિર્ણયો કારણો સહીત નીચે મુજબ છે.

(૧) નકારમાં

(૨) આખરી હુકમ મુજબ.

-: <u>કા ર ણો</u> :-

(૯) **<u>મુદ્દા નં. ૧</u> :-** આ કામે પક્ષકારો વચ્ચે ઔદ્યોગિક વિવાદ ઉપસ્થિત થતાં મદદનીશ મજુર કમિશ્નર દ્વારા હાલનો રેફરન્સ ન્યાય નિર્ણય સારુ અત્રેની અદાલતને રીફર કરી અનુસુચિ મુજબ બીજા પક્ષકારને તેમના પડેલા દિવસોના પગાર સહીત નોકરીની સળંગતા સહીત મૂળ જગ્યાએ નોકરીમાં પુનઃસ્થાપિત કરવા જોઈએ કે કેમ? તે બાબતે અત્રેની અદાલત તરફથી સદર અનુસુચિ મુજબ બન્ને પક્ષકારોને નોટીસ પાઠવી બચાવની પુરતી તક આપેલ છે. આ કામે હાલનો રેફરન્સ ઉપસ્થિત થતાં આ કામના બીજા પક્ષકારે આંક : ૪થી માંગણા નિવેદન રજુ કરેલ જેમાં જણાવેલ હકીકત મુજબ પ્રથમ પક્ષકાર નં. ૧ એ મુખ્ય ઓફીસ છે અને નં. ૨ એ સંસ્થાનો પ્લાન્ટ તથા લેબોરેટરી છે જે બન્ને આર્કેડીયા એગ્રો પ્લાન ટીસ્યુ કલ્ચરના નામે ઓળખવામાં આવે છે અને મુખ્યત્વે કેળના છોડ, જુદા-જુદા ફુલોના છોડ તેમજ અન્ય વિવિધ છોડવાનું ટીસ્યુ કલ્ચર ટેકનોલોજી દ્વારા સારો પાક આપવામાં લેબોરેટરીમાં જુદા-જુદા કેમીકલ દ્વારા ઉત્પાદન કરી દેશ વિદેશોમાં વેચાણ તથા નિકાસ કરવાનું કામ કરે છે અને તે માટે જુદા-જુદા હોદ્દા ઉપર ઓફીસરો, સ્ટાફ તથા શ્રમયોગીઓને કામ ઉપર રાખવામાં આવે છે અને જુદા-

જુદા છોડવાઓનું ઉત્પાદન કરી દેશ વિદેશમાં માર્કેટીંગ કરી ખેડુતો તથા સંસ્થાઓને વેચાણ કરવામાં આવે છે અને સારુ એવું ટર્નઓવર કરવામાં આવે છે અને તે માટે સ્ટાફ તથા માર્કેટીંગ કર્મચારીઓને ખુબ જ મોટા પ્રમાણમાં પગાર ધોરણ પણ આપવામાં આવે છે. આમ પ્રથમ પક્ષકાર ખુબ જ સારો નફો મેળવે છે. આમ પ્રથમ પક્ષકાર સંસ્થા દ્વારા જુદા-જુદા છોડનું ટીસ્યુ કલ્ચર ટેકનોલોજી દ્વારા ઉત્પાદન પ્રક્રિયા કરવા માટે પ્રથમ પક્ષકાર નં. ૧ દ્વારા શ્રમયોગીઓને કામે રાખવામાં આવતા અને પ્રથમ પક્ષકાર નં. ૨ ઉપર આવેલ પ્લાન્ટ તથા લેબોરેટરીમાં ફરજ ઉપર રાખવામાં આવતા જે મુજબ બીજા પક્ષકાર પ્રથમ પક્ષકાર સંસ્થામાં તા. ૧૯/૦૩/૨૦૦૩ના રોજથી લેબોરેટરીમાં સુપરવાઈઝરના હોદ્ધા ઉપર અન્ય એલાઉન્સ તથા છેલ્લે માસિક રૂા. ૭૩૫૫/-ના પગારથી ખંત તેમજ વફાદારીપુર્વક પ્રમાણિકતાથી તેઓની ફરજ બજાવતા આવેલ છે અને દર વર્ષે ૨૪૦ દિવસ કરતાં પણ વધારે સમય ફરજ બજાવેલ છે અને સંસ્થાને જરૂર જણાય તો ઓવરટાઈમ કરીને પણ પોતાની ફરજ બજાવતા આવેલ છે. આમ પ્રથમ પક્ષકાર અને બીજા પક્ષકાર વચ્ચે નોકર-માલિકનો સબંધ સ્થાપિત થયેલ હતો. વધુમાં બીજા પક્ષકારને સરકારશ્રીના લઘુત્તમ વેતનધારા મુજબનો મીનીમમ પગાર તેમજ અન્ય મજુર કાયદાઓનો લાભ પણ આપવામાં આવતો ન હતો જેથી ના છુટકે બીજા પક્ષકાર તથા અન્ય શ્રમયોગીઓ યુનિયનમાં જોડાયેલ અને યુનિયન મારફતે સરકારશ્રીના લઘુત્તમ વેતનધારા મુજબનો મીનીમમ પગાર (બેઝીક તથા સ્પે. એલાઉન્સ)ના પગારની માંગણી કરતાં તેનો અમલ ન કરતાં સરકારી શ્રમ અધિકારી, આણંદ સમક્ષ લ.વે.ધારા ૨/૨૦૧૫થી ફરીયાદ કરેલ તેમજ પગાર વધારો તથા અન્ય માંગણીઓ બાબતે ડીમાન્ડ કેસ કરેલ જે કન્સીલીએશન કેસ નં. ૧/૨૦૧૫થી કરેલ જેમાં પ્રથમ પક્ષકારે કોઈ સમાધાન કરેલ નહીં તેમજ સરકારશ્રીના લઘુત્તમ વેતન કરતાં ઓછા પગાર આપતા હોય બીજા પક્ષકારે યુનિયન દ્વારા લ.વે.ધારા મુજબના પગાર તફાવતની રકમ મેળવવા અંગે અત્રેની અદાલતમાં રીકવરી નં. ૬૭/૨૦૧૫થી દાખલ કરેલ જે ન્યાય નિર્ણય માટે પેન્ડીંગ છે. આમ બીજા પક્ષકાર તથા અન્ય શ્રમયોગીઓ દ્વારા યુનિયન મારફતે મજુર કાયદાઓ અન્વયે મળવાપાત્ર લાભો મેળવવા કાયદેસરની કાર્યાવાહી હાથ ધરતાં બીજા પક્ષકાર ઉપર અંગત દ્વેષભાવ રાખવાનું શરૂ કરેલ અને બીજા પક્ષકારને કોઈપણ પ્રકારની નોટીસ કે બચાવની તક આપ્યા સિવાય કે ખાતાકીય તપાસ હાથ

ધર્યા સિવાય અનફેર લેબર પ્રેક્ટીસ આચરી બેકાર બનાવવાના બદઈરાદાથી એકાએક તા. ૩૧/૦૮/૨૦૧૫ના રોજ લેખિત નોટીસ આપી તમારી સેવાઓ ફાજલ પડેલ છે જેથી નોકરીમાંથી છુટા કરવામાં આવે છે તેમ જણાવી નોટીસ પગાર તથા છટણી વળતર ચેક દ્વારા આપેલ જે બીજા પક્ષકારે વાંધા સાથે સ્વીકારેલ પરંતુ અન્ય મળવાપાત્ર કાયદેસરના કોઈ લાભો આપવામાં આવેલ નહીં તેમજ ફાજલ કરતા અગાઉ સીનીયોરીટી લીસ્ટને ધ્યાનમાં લીધેલ નથી. વધુમાં શ્રમ આયુક્ત કચેરી સમક્ષ લ.વે.ધારા નં. ૨/૨૦૧૫, ડીમાન્ડ નં. ૧/૨૦૧૫ તથા અત્રેની અદાલતમાં રીકવરી અરજી નં. ૬૭/૨૦૧૫ ન્યાય નિર્ણય માટે પેન્ડીંગ હોવા છતાં પૂર્વ પરવાનગી લીધા વગર બીજા પક્ષકાર તથા અન્ય શ્રમયોગીઓ યુનિયનમાં જોડાતાં અને મળવાપાત્ર લાભો મેળવવા કાર્યવાહી હાથ ધરતાં બીજા પક્ષકાર ઉપર દ્વેષભાવ રાખી તદ્દન ગેરવ્યાજબી, ગેરકાયદેસર અને કુદરતી ન્યાયના સિધ્ધાંત વિરૂધ્ધનું પગલું ભરી એકાએક તા. ૦૧/૦૯/૨૦૧૫ના રોજથી ફાજલનું ખોટું બહાનું કાઢી નોકરીમાંથી છુટા કરી બેકાર બનાવેલ છે અને બીજા પક્ષકારને નોકરીમાંથી છુટા કર્યા બાદ પ્રથમ પક્ષકાર દ્વારા બીજા અન્ય શ્રમયોગીઓને કામે રાખવામાં આવેલ છે. વધુમાં બીજા પક્ષકારને તદ્દન ગેરવ્યાજબી રીતે નોકરીમાંથી છુટા કરી બેકાર બનાવતાં નોકરીમાં પુનઃસ્થાપિત થવા રૂબરૂમાં રજુઆત કરેલ છતાં કામે નહીં રાખતાં યુનિયન મારફતે નોકરીમાં પુનઃસ્થાપિત થવા કાયદેસરની કાર્યવાહી હાથ ધરેલ જેમાં પ્રથમ પક્ષકાર દ્વારા સમાધાન નહીં કરતાં ન્યાય નિર્ણય માટે રેફરન્સ કરેલ છે. વધુમાં બીજા પક્ષકારને એકાએક નોકરીમાંથી છુટા કરી બેકાર બનાવતાં આવકનું એકમાત્ર સાધન છીનવાઈ ગયેલ છે અને હાલમાં બેકાર છે. અન્ય નોકરી મેળવવા માટે પ્રયત્નો હાથ ધરેલ હોવા છતાં નોકરી મળેલ નથી તે મતલબની હકીકત જણાવેલ છે.

(૧૦) બીજા પક્ષકારના માંગણા નિવેદનના અનુસંધાને પ્રથમ પક્ષકાર તરફે આંક : ૭થી લેખિત જવાબ રજુ કરી બીજા પક્ષકારે માંગણા નિવેદનમાં જણાવેલ તમામ હકીકતોનો ઈન્કાર કરેલ છે અને એવી હકીકત જણાવેલ છે કે, પ્રથમ પક્ષકાર નં. ૧ સરનામે ઓફીસ ધરાવે છે અને નં. ૨ સરનામે સંસ્થા ધરાવે છે જ્યાં આ કામના બીજા પક્ષકાર તેમની કામગીરી કરતા હતા તેમજ બીજા પક્ષકારને નોકરીમાં દાખલ થયા ત્યારથી કાયદેસરના મળવાપાત્ર તમામ હક્કો અને લાભો આપવામાં આવે છે. વધુમાં સંસ્થામાં ટીસ્યુ કલ્ચર પધ્ધતિથી હોરટીકલ્ચર અને

એગ્રીકલ્ચર કામગીરી કરવામાં આવે છે અને સંસ્થા ઔદ્યોગિક એકમ નથી પરંતુ એગ્રીકલ્ચર યુનિટ છે. આ પ્રકારની કામગીરી કરતી સંસ્થાઓનો સમાવેશ એગ્રીકલ્ચર અને હોરટીકલ્ચર સંસ્થાઓમાં થાય છે જે બાબતનું પ્રમાણપત્ર ડાયરેક્ટરશ્રી, હોરટીકલ્ચર, ગાંધીનગર દ્વારા આપવામાં આવેલ છે. આમ સંસ્થાનો સમાવેશ એગ્રીકલ્ચર ઈન્ડસ્ટ્રીઝમાં થતો હોવાથી નામ. ગુજરાત સરકારશ્રી દ્વારા ખેતીવાડીના કામદારો માટેના જે લઘુત્તમ વેતનો નક્કી કરવામાં આવેલ છે તે મુજબના લઘુત્તમ વેતનો આ કામના બીજા પક્ષકારને શરૂઆતથી ચુકવવામાં આવે છે. બીજા પક્ષકાર અને અન્ય કામદારોએ સરકારી શ્રમ અધિકારી, આણંદ સમક્ષ આ સંબંધે કાર્યવાહી કરેલ હતી જેમાં પણ સંસ્થાએ હાજર થઈ પોતાનો લેખિત જવાબ તથા દસ્તાવેજો રજુ કરેલ હતા અને તમામ સ્પષ્ટતા કરેલ હતી. આમ બીજા પક્ષકારે આ રેફરન્સ ઔદ્યોગિક વિવાદધારા હેઠળ કરેલ છે પરંતુ સંસ્થા ખેત વ્યવસાયમાં રોકાયેલ સંસ્થા છે આથી સંસ્થાનો ઔદ્યોગિક વિવાદધારાની કલમ–૨(જે) મુજબ ઉદ્યોગની વ્યાખ્યામાં સમાવેશ થતો ન હોવાથી બીજા પક્ષકારનો રેફરન્સ રદ થવાને પાત્ર છે. વધુમાં સંસ્થામાં કામના અભાવે કામદારોને કામ આપી શકવાની પરિસ્થિતિ ન રહેતાં બીજા પક્ષકાર અને અન્ય કામદારોને તા. ૩૧/૧૦/૨૦૧૫ના રોજના હુકમથી નોકરીમાંથી છુટા કરવામાં આવેલ છે અને જે તે વખતે બીજા પક્ષકારને મળવાપાત્ર તમામ હક્કો અને લાભો આપવામાં આવેલ છે જે બીજા પક્ષકારે સ્વીકારેલ પણ છે. વધુમાં સંસ્થાની ઉત્પાદન પ્રક્રિયા બંધ થઈ ગયેલ છે અને સંસ્થામાં કોઈ કામદારો ફરજો બજાવતા નથી. આથી કાયદાના પ્રસ્થાપિત થયેલ સિધ્ધાંતો અનુસાર બંધ થયેલ સંસ્થામાં નોકરીમાં પુનઃસ્થાપિત કરવાનો કોઈ પ્રશ્ન ઉપસ્થિત થતો ન હોય રેફરન્સ રદ થવાને પાત્ર છે તેમજ સમગ્ર હકીકતો અને કાયદાની જોગવાઈઓ જોતાં બીજા પક્ષકારનો આ રેફરન્સ કાયદેસર રીતે ટકી શકે તેમ ન હોય રદ થવાને પાત્ર હોય રદ કરવા જણાવેલ છે.

(૧૧) આ કામે બીજા પક્ષકાર તરફે તેમના કેસના સમર્થનમાં આંક : ૧૨થી બીજા પક્ષકાર કનકબેન અશોકભાઈ ત્રિવેદીનું સરતપાસનું સોગંદનામુ રજુ કરેલ છે જેમાં પોતાની સોગંદ ઉપરની ઉલટ તપાસમાં તેઓએ એવી હકીકત જણાવેલ છે કે, હું સંસ્થામાં તા. ૧૯/૦૩/૨૦૦૩ ના રોજ નોકરીમાં દાખલ થયેલી. હું સુપરવાઈઝર તરીકે કામ કરતી હતી. આ સંસ્થામાં ટીસ્યુ કલ્ચરનું કામ થતું હતું. ટીસ્યુ કલ્ચર એટલે નાના છોડ ઉગાડવાની કામગીરી થતી હતી. એ વાત ખરી

નથી કે, હું નોકરીમાં દાખલ થઈ ત્યારે મને ખેતીવાડીનો મીનીમમ વેજ આપવામાં આવતો હતો. મારો છેલ્લો પગાર રૂા. ૭૩૫૫/- હતો. એ વાત ખરી નથી કે, રૂા. ૭૩૫૫/- માં બેઝીક પગાર અને અન્ય ભથ્થાઓનો સમાવેશ થતો હતો. મને જે પગાર આપવામાં આવતો હતો તે સરકારી ધોરણ કરતાં ઓછો પગાર આપવામાં આવતો હતો. મને સરકારી ધારાધોરણ મુજબનો પગાર મળવો જોઈએ તે અંગેના બતાવવા માટેના કોઈ આધાર મારી પાસે છે જે હવે પછીની મુદતે હું રજુ રાખીશ. મને સરકારી ધારાધોરણ કરતાં ઓછો પગાર મળે છે તેવી જાણ મને સને ૨૦૧૧માં થઈ. સંસ્થા દ્વારા ઓછો પગાર આપવામાં આવતો હતો તે અંગે મેં સંસ્થા અને અન્ય કચેરીને લેખિતમાં જાણ કરેલી. મારી પાસે તેવો લેખિત પુરાવો છે જે હું હવે પછીની મુદતે રજુ રાખીશ. એ વાત ખરી છે કે, આ સંસ્થા તા. ૩૧/૦૮/૨૦૧૫ ના રોજ બંધ થઈ ગયેલ છે. એ વાત ખરી છે કે, સંસ્થા બંધ થઈ ત્યારે નોટીસ પગાર, બેકારી વળતર અમને ચુકવી આપેલ છે. સંસ્થા બંધ થઈ ગયા પછી હું અન્ય લોકોના ઘરનું ઘરકામ કરીને મારું ભરણપોષણ કરું છું. હું સંસ્થા બંધ થઈ ત્યારબાદ અન્ય કોઈ કંપનીમાં કામ મેળવવાનો પ્રયત્ન કરેલ નથી.

(૧૨) જ્યારે પ્રથમ પક્ષકાર તરફે આંક : ૨૦થી ચંદ્રેશ વીપીનભાઈ પટેલનું જુબાનીનું સોગંદનામુ રજુ કરેલ છે જેમાં પોતાની સોગંદ ઉપરની ઉલટ તપાસમાં તેઓએ એવી હકીકત જણાવેલ છે કે, હું પ્રથમ પક્ષકાર સંસ્થામાં ૨૦૦૧ના વર્ષથી સુપરવાઈઝર તરીકે ફરજ બજાવું છું. મારો અભ્યાસ ડીપ્લોમાં ઈલેક્ટ્રીકલ એન્જીનીયરનો છે. એ વાત ખરી છે કે, બીજા પક્ષકારે પોતાના માંગણા નિવેદનમાં જણાવેલ હોદ્દા પર અને માંગણા નિવેદનમાં જણાવેલ તારીખથી પ્રથમ પક્ષકાર સંસ્થામાં કામ કરતા હતા. આ સંસ્થામાં કેળના છોડ તથા જરબેરાના છોડના ઉછેર કરવામાં આવતા હતા. એ વાત ખરી છે કે, આ છોડના ઉછેર માટે સંસ્થામાં લેબોરેટરી આપેલ છે. એ વાત ખરી છે કે, તે લેબોરેટરીમાં આ છોડ ઉછેર કરવામાં આવતા હતા. ૪૦-૫૦ માણસો તથા ૧૫-૨૦ કોન્ટ્રાક્ટરના માણસો મળી ૭૦ માણસો આ સંસ્થામાં કામ કરે છે. એ વાત ખરી છે કે, આ માણસો સુપરવાઈઝર, ઓપરેટર, હેલ્પર, હાઉસ કીપીંગ હેલ્પર, બોટલ વોશીંગ હેલ્પર વિગેરે હોદ્દા પર કામ કરતા હતા. એ વાત ખરી છે કે, આ ટીસ્યુ કલ્ચર દ્વારા ઉછેર કરેલ છોડનું ભારત દેશમાં ગુજરાત બહાર વેચાણ કરવામાં આવતું હતું. મને એ વાતની ખબર નથી કે, આ વેચાણ માટે જુદા-જુદા ઓફીસરો તથા અન્ય સ્ટાફની નિમણુંક કરવામાં આવતી હતી. મને એ

વાતની ખબર નથી કે, તેઓને કેટલો પગાર આપવામાં આવતો હતો. એ વાત ખરી છે કે, આ કામદારોને એગ્રીકલ્ચર યુનિટ મુજબનો પગાર આપવામાં આવતો હતો. મને એ વાતની ખબર નથી કે, સંસ્થામાં સુપરવાઈઝર, ઓપરેટર, હેલ્પર, હાઉસ કીપીંગ હેલ્પર, બોટલ વોશીંગ હેલ્પર વિગેરે જે હોદ્દાઓ આપવામાં આવેલ છે તે હોદ્દાઓ ઔદ્યોગિક એકમને લાગુ પડતા છે. મને એ વાતની ખબર નથી કે, આ કામદારોને આઈ.ડી.એક્ટ લાગુ પડતો હોય તે મુજબના સરકારશ્રીના લઘુત્તમ વેતનધારાની યુનિયન મારફતે માંગણી કરેલી. મને એ વાતની ખબર નથી કે, આઈ.ડી.એક્ટ મુજબના લઘુત્તમ વેતનધારાનો પગાર નહીં ચુકવી આપતાં યુનિયને સરકારી શ્રમ અધિકારી, આણંદ સમક્ષ ફરીયાદ દાખલ કરેલી. મને એ વાતની ખબર નથી કે, સરકારી શ્રમ અધિકારી સમક્ષ, આણંદ સમક્ષ ફરીયાદ કરવા છતાં તેનો અમલ નહીં કરતાં યુનિયનને રીકવરી કરવાની સલાહ આપતાં યુનિયને રીકવરી કેસ નં. ૬૭/૨૦૧૫ તેમજ પગાર વધારા બાબતનો રેફરન્સ કેસ નં. ૨/૨૦૧૬ દાખલ કરેલો. એ વાત ખરી છે કે, આંક : ૯માં રજુ કરેલ દસ્તાવેજી પુરાવાની યાદીમાં નિ. ૯/૨માં જણાવ્યા મુજબ સેટલમેન્ટ થયેલ છે. નિ. ૯/૨ જોઈને કહું છું કે, તે કામદારોને છટણી કર્યા બાદ આપવામાં આવેલ રકમનો હીસાબ છે. એ વાત ખરી છે કે, નિ. ૯/૩ જોઈને કહું છું કે, તે કામદારોને છટણી કર્યા બાદ આપવામાં આવેલ રકમના હીસાબના ચેક છે. નિ. ૯/૨ તથા ૯/૩ રજુ દાખલ આંક : ૨૧ તથા આંક : ૨૨. એ વાત ખરી છે કે, નિ. ૯/૧થી બીજા પક્ષકારને તા. ૩૧/૦૮/૨૦૧૫ના રોજ આપવામાં આવેલ છુટા કર્યાની નોટીસ છે. નિ. ૯/૧ રજુ દાખલ આંક : ૨૩. એ વાત ખરી છે કે, મને નિ. ૨૪/૧ બતાવવામાં આવે છે તે રેફરન્સ કેસ નં. ૧૧/૨૦૧૬માં અમારી સંસ્થા દ્વારા તે કેસના કામદાર સાથે ઔદ્યોગિક વિવાદધારાની કલમ–૨(પી) હેઠળ થયેલ સમાધાનની નકલ છે. એ વાત ખરી છે કે, તે સમાધાનમાં સંસ્થા બંધ થયેલ છે તેવું દર્શાવેલ છે. ઔદ્યોગિક વિવાદધારાની જોગવાઈ મુજબની કાર્યવાહી સંસ્થા બંધ કરતાં પહેલાં કરેલ છે કે કેમ તેની મને ખબર નથી. એ વાત ખરી નથી કે, આ સંસ્થા આજે પણ ચાલુ છે. એ વાત ખરી નથી કે, બીજા પક્ષકાર કામદારો યુનિયનમાં જોડાતા યુનિયન દ્વારા આઈ.ડી.એક્ટ મુજબના સરકારશ્રીના લઘુત્તમ વેતનધારા તથા તેના પગાર તફાવતની રકમની માંગણી કરતાં તેઓની ઉપર ભેદભાવ તથા કિન્નાખોરી રાખી ફાજલનું ખોટું બહાનું કાઢી છુટા કરેલ છે. એ વાત ખરી નથી કે, સદર

સંસ્થામાંથી કામદારોને છુટા કર્યા બાદ હાલમાં નવા નામથી સંસ્થા શરૂ કરેલ છે. એ વાત ખરી નથી કે, સોગંદનામુ ખોટું રજુ કરેલ છે.

(૧૩) આમ રેકર્ડ પર બન્ને પક્ષે રજુ થયેલ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાઓના અનુસંધાને પ્રથમ પક્ષકાર સંસ્થા આર્કેડીયા એગ્રો પ્લાન્ટ ટીસ્યુ કલ્ચરના નામથી કેળના છોડ, જુદા-જુદા ફુલોના છોડ તેમજ અન્ય છોડવાઓનું ટીસ્યુ કલ્ચર ટેકનોલોજી દ્વારા ઉત્પાદન કરી દેશ-વિદેશોમાં વેચાણ તથા નિકાસ કરવાનું કામ કરે છે જેથી પ્રથમ પક્ષકાર સંસ્થા એગ્રીકલ્ચર કામગીરી કરતી હોય ઔદ્યોગિક એકમ નથી અને એગ્રીકલ્ચર યુનિટ છે તેથી પ્રથમ પક્ષકાર સંસ્થાનો ઔદ્યોગિક વિવાદધારા કલમ-૨(જે) મુજબ ઉદ્યોગની વ્યાખ્યામાં સમાવેશ થતો નથી તેવી કાયદાની મહત્વની તકરાર ઉપસ્થિત કરેલ છે જે પરત્વે **ઔદ્યોગિક વિવાદધારા ૧૯૪૭ની કલમ-૨(જે)માં ઉદ્યોગની વ્યાખ્યા આપવામાં આવેલ છે અને બેંગ્લોર વોટર સુએજ વિરૂધ્ધ એ. રાજપ્પાના નામ. સુપ્રિમકોર્ટના ચુકાદામાં આ અંગે પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંત મુજબ (1) Systematic activity (2) Between employer and employee direct and substaintial copration (3) Production – of goods, services for satisfaction of human wants -absence of profit motive is irrelavant** ના પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંતને ધ્યાને લેતાં આ કામના બીજા પક્ષકારે પોતાની સોગંદ ઉપરની ઉલટ તપાસમાં **આ સંસ્થામાં ટીસ્યુ કલ્ચરનું કામ થતું હતું. ટીસ્યુ કલ્ચર એટલે નાના છોડ ઉગાડવાની કામગીરી થતી હતી** તે મુજબની હકીકતનો સ્વીકાર કરેલ છે. સાથોસાથ પ્રથમ પક્ષકારની સોગંદ ઉપરની ઉલટ તપાસમાં **આ સંસ્થામાં કેળના છોડ તથા જરબેરાના છોડના ઉછેર કરવામાં આવતા હતા. એ વાત ખરી છે કે, આ છોડના ઉછેર માટે સંસ્થામાં લેબોરેટરી આપેલ છે. એ વાત ખરી છે કે, તે લેબોરેટરીમાં આ છોડ ઉછેર કરવામાં આવતા હતા. ૪૦-૫૦ માણસો તથા ૧૫-૨૦ કોન્ટ્રાક્ટરના માણસો મળી ૭૦ માણસો આ સંસ્થામાં કામ કરે છે** તે મુજબની હકીકતનો સ્વીકાર કરેલ છે. જે જોતાં નામ. સુપ્રિમકોર્ટના ઉપરોક્ત દર્શાવેલ ચુકાદામાં, ઉપરોક્ત પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંતને ધ્યાને લેતાં ઉલટ તપાસની હકીકતો પ્રથમ પક્ષકાર સંસ્થા ઔદ્યોગિક વિવાદધારા ૧૯૪૭ની કલમ-૨(જે) મુજબ ઉદ્યોગની વ્યાખ્યામાં સમાવિષ્ટ થતી હોય જેથી પ્રથમ પક્ષકાર તરફે પોતાની સંસ્થાનો ઉદ્યોગની વ્યાખ્યામાં સમાવેશ થતો ન

હોવાની દલીલ ઉપરોક્ત કારણોસર ગ્રાહ્ય રાખવાપાત્ર નથી.

(૧૪) આ કામે બીજા પક્ષકારની સોગંદ ઉપરની ઉલટ તપાસમાં બીજા પક્ષકારે **એ વાત ખરી છે કે, આ સંસ્થા તા. ૩૧/૦૮/૨૦૧૫ના રોજ બંધ થઈ ગયેલ છે. એ વાત ખરી છે કે, સંસ્થા બંધ થઈ ત્યારે નોટીસ પગાર, બેકારી વળતર અમને ચુકવી આપેલ છે** મુજબની હકીકતનો સ્વીકાર કરેલ છે. આ કામે પ્રથમ પક્ષકારની સોગંદ ઉપરની ઉલટ તપાસમાં પ્રથમ પક્ષકારે **એ વાત ખરી છે કે, આંક : ૯માં રજુ કરેલ દસ્તાવેજી પુરાવાની યાદીમાં નિ. ૯/૨માં જણાવ્યા મુજબ સેટલમેન્ટ થયેલ છે. નિ. ૯/૨ જોઈને કહું છું કે, તે કામદારોને છટણી કર્યા બાદ આપવામાં આવેલ રકમનો હીસાબ છે. એ વાત ખરી છે કે, નિ. ૯/૩ જોઈને કહું છું કે, તે કામદારોને છટણી કર્યા બાદ આપવામાં આવેલ રકમના હીસાબના ચેક છે. નિ. ૯/૨ તથા ૯/૩ રજુ દાખલ આંક : ૨૧ તથા આંક : ૨૨. એ વાત ખરી છે કે, નિ. ૯/૧થી બીજા પક્ષકારને તા. ૩૧/૦૮/૨૦૧૫ના રોજ આપવામાં આવેલ છુટા કર્યાની નોટીસ છે. નિ. ૯/૧ રજુ દાખલ આંક : ૨૩. એ વાત ખરી છે કે, મને નિ. ૨૪/૧ બતાવવામાં આવે છે તે રેફરન્સ કેસ નં. ૧૧/૨૦૧૬માં અમારી સંસ્થા દ્વારા તે કેસના કામદાર સાથે ઔદ્યોગિક વિવાદધારાની કલમ-૨(પી) હેઠળ થયેલ સમાધાનની નકલ છે. એ વાત ખરી છે કે, તે સમાધાનમાં સંસ્થા બંધ થયેલ છે તેવું દર્શાવેલ છે** તેવી હકીકતનો સ્વીકાર કરેલ છે. આમ ઔદ્યોગિક વિવાદધારા ૧૯૪૭માં કામદારોને કાયદા મુજબનું વળતર ચુકવી આપ્યાની હકીકત ઉલટ તપાસમાં બીજા પક્ષકાર તથા પ્રથમ પક્ષકાર કબુલ રાખે છે. વધુમાં બન્ને પક્ષકારો તરફે પ્રથમ પક્ષકાર સંસ્થા હાલમાં બંધ થઈ ગયેલ છે તે હકીકત પણ કબુલ રાખેલ છે. રેકર્ડ પર રજુ થયેલ ઉપરોક્ત પુરાવો ધ્યાને લેતાં સંસ્થા બંધ કરતાં પહેલાં પ્રથમ પક્ષકાર સંસ્થા દ્વારા બીજા પક્ષકારને નોટીસ પગાર તથા વળતરની રકમ ચુકવી આપેલ હોવાનું રેકર્ડ પરના ઉપરોક્ત પુરાવાઓથી તેમજ પ્રથમ પક્ષકાર તરફે રજુ થયેલ આંક : ૨૧ થી આંક : ૨૩ના દસ્તાવેજી પુરાવાઓથી પણ પુરવાર થતું હોય આ રકમ બીજા પક્ષકારને ચેક દ્વારા મળી ગયાનું બીજા પક્ષકાર રેકર્ડ ઉપર કબુલ રાખતા હોવાનું પુરવાર થયેલ છે ત્યારે ઉપરોક્ત કારણોસર બીજા પક્ષકાર દ્વારા પ્રથમ પક્ષકાર સંસ્થામાં પડેલા દિવસોના પગાર સહીત મૂળ જગ્યાએ સળંગ નોકરીથી નોકરીના સાતત્ય સહીત પુન:સ્થાપન માટેની જે દાદ

માંગેલ છે તે સંસ્થા બંધ થઈ ગયેલ છે અને બીજા પક્ષકારને છુટા કરતા પહેલાં નોટીસ પગાર તેમજ વળતર ચુકવી આપેલ હોવાનું રેકર્ડ પર પુરવાર થયેલ છે ત્યારે મુદ્દા નં. ૧નો જવાબ નકારમાં ઠરાવી મુદ્દા નં. ૨ પરત્વે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

-: હુકમ :-

(૧) બીજા પક્ષકારનો રેફરન્સ કેસ નં. ૩૩/૨૦૧૬ નામંજુર કરવામાં આવે છે.

(૨) ખર્ચ અંગે કોઈ હુકમ નથી.

Date : 15/03/2021
Place : ANAND

MS. NIMISHA GANGARAMBHAI SURATI
GJ00711
PRESIDING OFFICER
(Judge)
LABOUR COURT,ANAND.

K.K.PRANKADA : PA